## વડીલોને વંદન અભિનંદન



યોગેશકુમાર એસ. સોની
(૧૯૪૫) ફોન: ૨૩૨૪૪૦૭૩

# ધાનેરામાં આવેલ કે. આર. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ પર હુમલો

ડીસા, તા. ૧૦

બનાસકાંઠાની ધાનેરામાં આવેલ કે.આર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના ન્સીપાલ પર કોલેજના જ વિદ્યાર્થીઓ દ્વારા ઠપકાની અદાવત રાખી હુમલો કર્યાની ઘટના -કાશમાં આવેલી છે. આ હુમલાખોરો કોલેજના જ વિદ્યાર્થી હતા જેમને ન્સીપાલને માર મારી તેના ગળામાં રહેલી સોનાની ચેન લુટી લીધી હતી જે બાદ આ વિદ્યાર્થીઓ ફરાર થઈ ગયા હતા અને મામલો પોલીસ મથકે પહોચ્યો હતો.

બનાસકાંઠાના ધાનેરામાં આવેલી કે. આર. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી મિતુલ જાની દ્વારા કોલેજ કેમ્પસ માં જ મવાલીગીરી અને રોમિયો ગીરી એ કોલેજ માં ભણતી કેટલીક છોકરીઓની છેડતી કરવાની ફરિયાદ ઉઠવા પામી હતી. આ ફરિયાદ કોલેજ નાં ન્સીપાલ સુધી પહોચતા તેમને આ ગંભીર બદમાશી બાબતે જાત તપાસ કરી તો આ વિદ્યાર્થી મિતુલ જાની તેની સ્કોર્પિયો ગાડી માં ફૂલ અવાજે ફિલ્મી ગીતો વગાડી આવતી-જતી કોલેજ ની વિદ્યાર્થીની ઓની પજવણી કરતો જણાયેલો. આ ફરિયાદ માં તથ્ય જણાતા પગલા લીધા હતા આ પગલાં માં કોલેજ ના ન્સીપાલ લાલભાઈ એ દોષિત વિદ્યાર્થી ને કોલેજ માંથી કાઢી મુકયો હતો.અને તે નું એડમીશન રદ કર્યું હતું, જોકે ન્સીપાલ નાં આ કઠોર પગલાં થી ગિન્નાયેલા વિદ્યાર્થી એ અદાવત રાખી હતી, અને બદલો લેવા સાથે પોતાના જ ગુરુવાર એવા ન્સીપાલ ને સબક શીખવાડવા નું નક્કી કર્યુ હતું. જેમાં આજે સાંજ ના સમયે ન્સીપાલ પોતાના સ્ટાફ સાથે કેન્ટીન પર ચા પીવા ગયા હતા તે સમય દરમ્યાન વિદ્યાર્થી મિતુલ જાની પોતાના ૧૫ જેટલા સાથીદારો સાથે સ્કોર્પીઓ લઈ પહોચ્યો હતો, અને લુખાગીરી એ કેમ મારી એડમીશન રદ કર્યુ તેમ કહી કોલેજ ના ન્સીપાલ પર જીવલેણ હુમલો કરી ન્સીપાલ ના ગળામાં રહેલી સોનાની ચેન લઇ ભાગી ગયો હતો, જે બાદ ગંભીર રીતે ઘવાયેલા ન્સીપાલ ને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

જયારે બનાવ ની જાણ ધાનેરા પોલીસ ને કરતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોચતા યુવકો ભાગી ગયા હતા.પોલીસે હુમલાખોરો એ ગુના માં વાપરેલી સ્કોર્પીઓ અને બે આરોપી ઝડપી પાડ્યા છે જયારે ન્સિપાલે વિદ્યાર્થી મિતુલ જાની સહીત ૧૫ જેટલા વ્યક્તિ સામે ફરિયાદ દાખલ કરતા ધાનેરા પોલીસે ફરાર અન્ય સહ તહોમતદાર ને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે

તો બીજી તરફ વિદ્યાર્થી મિતુલ જાની ન્સીપાલ પર આક્ષેપ કરી રહ્યો છે કે મારી પાસે સ્કોર્પીઓ ગાડી છે અને હું ગામડા થી આવું છું એટલે ગાડી લઈને આવું છું મારી ગાડી પર ભાજપ ના સિમ્બોલ મારેલો છે જેથી કોલેજ ના ન્સિપાલે મને કહ્યું કે હું પ્યોર કોંગ્રેસી છું અને મારી કોલેજ માં ભાજપ ના વિદ્યાર્થી ના ચાલે જેથી તારે કોલેજ માં ભણવું હોય તો ગાડી પરથી ભાજપ ના સિમ્બોલ કાઢી નાખ, મેં સિમ્બોલ ન કાઢતા મને કોલેમાંથી કાઢી નાખવામાં આવ્યો અને મારું ભણતર ન બગડે હું મારા મિત્રો સાથે ન્સીપાલ પાસે આજીજી કરવા ગયા તો અમારા પર ખોટી ફરિયાદ દાખલ કરી મને ફસાવ્યો છે.

જોકે તાજેતર ની ચુંટણી માં ન્સીપાલ ઉપર ચુંટણી ના સમયે તેઓ કોલેજ માં કોંગ્રેસ નો -ચાર કરતા હોવાની ભાજપ ના અગ્રણી દ્વારા આચાર સહિત ભંગ બદલ ચુંટણીપચ માં પણ અરજી કરવામાં આવી હતી.ત્યારે આ હુમલો રાજકીય સ્ટંટ છે કે પછી કોઈ અન્ય બાબત તે પોલીસ તપાસ ની વિષય હોઈ પી.આઈ. જે. ડી. સુતરીયા એ તમામ બાબતો સાથે ની તપાસ હાથ ધરેલ છે.



વરસાદી કૃપા માટે ચિલોડામાં ૨૪ કલાકની અખંડ રામધૂન

હવે તો જુલાઈ મહિનાના પણ દસ દિવસ પસાર થવા છતાં વરસાદનો અણસાર સુધ્ધાં ના દેખાવાથી ખેડૂતો અને પશુપાલકોના જીવ તાળવે ચોંટી ગયા છે અને દુષ્કાળના ઓળા દેખાઈ રહ્યા હોવાથી સૌ કોઈ ચિંતાતુર બન્યા છે. ચિલોડામાં વરૂણદેવને રીઝવવા જનક મહિલા મંડળ અને કૃષ્ણ મહિલા મંડળની બહેનો દ્વારા ૨૪ કલાકની અખંડ રામધૂન યોજવામાં આવી હતી. ચિલોડાના રામજી મંદિરમાં મહિલાઓએ રામધૂનની રમઝટ દ્વારા પ્રભુને કાલાવાલા કરીને વરસાદ વરસાવવા રીતસર આજીજીઓ કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ગુરૂપૂર્ણિમાએ બાલવા ગિરનારી આશ્રમમાં ભજન-સત્સંગ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના માણસા રોડ પર બાલવા ખાતે ટહુકો હોટલની બાજુમાં આવેલ ગિરનારી આશ્રમમાં તા. ૧૨મી જુલાઈ શનિવાર સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ વાગ્યા સુધી ગુરૂપૂજન તેમજ સત્સંગ ભજનનું આયોજન કરાયું છે. ગુરૂપૂર્ણિમા નિમિત્તે આયોજિત કરાયેલા આ કાર્યક્રમમાં ધાર્મિક જનતાને ભાગ લેવા જાહેર આમંત્રણ અપાયું છે.

## સેકટર-૩-સીમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૧૦

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૧૨ જુલાઈ, શનિવારના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાકે સેકટર-૩-સીમાં આવેલ શકિત મંદિર ચોકમાં યોજવામાં આવશે. સર્વે ભાવિ ભકતોને ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની જુલાઈ માસની બેઠક સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીયાના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં મળી હતી. બેઠકમાં સંસ્થાના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા તેમજ સંસ્થા દ્વારા નગરની સમસ્યાઓને લઈને જે રજુઆતો કરવામાં આવી હતી તેનું નિરાકરણ હજુ પણ આવ્યું નથી તેથી તે પ્રશ્નોને લઈને ફરીથી જે તે ઓફિસનો સંપર્ક કરવામાં આવશે સહિતના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.



ગાંધીનગર નજીક આવેલા પેથાપુરમાં સ્થિત સંજરીપાર્કબાજુના છાપરામાં રહેતા ઈસ્માઈલ સુમાર સિંધી નામના ડફેરને પેથાપુર પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પી. એસ. આઈ. એસ. જે. વાઘેલાએ ગેરકાયદે હથિયાર સાથે તેની ધરપકડ કરી લઈને ડફેર સામે ગુનો દાખલ કરી સઘન પૂછપરછ શરુ કરી છે.

## સાબરકાંઠાના નાયબ ડી.ડી.ઓ.નું સન્માન કરાયું

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી પટેલની ઉમદા કામગીરી બદલ સત્તાધારી અને વિપક્ષ દ્વારા શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. તેમજ ૩ વર્ષના કાર્યકાળ દરમિયાન જિલ્લામાં થયેલ વિકાસ અને પ્રજાલક્ષી કામોમાં તેમના યોગદાનની સરાહના કરી હતી.

જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલતાબેન પટેલે પણ નાયબ ડીડીઓ પટેલની કામગીરીને બિરદાવી હતી અને સ્વચ્છ પ્રતિભા ધરાવતા પટેલ મહેનતુ અને કુશળ વહીવટ કર્તા છે તેમ જણાવ્યું હતું. ઉપરાંત પંચાયતના ચેરમેન અને સભાસદોએ પણ તેમની કામગીરીની સરાહના કરી તેમનું સન્માન કર્યું હતું.

## વાવોલના રામજી મંદિરે ભવ્ય ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

'ગુરૂ બિબેક સાગર જાગુ જન,
જિન્હ હિ વિશ્વકર બદર સમાન'.

આગામી શનિવારે તા. ૧૨મી જુલાઈએ 'ગુરૂ પૂર્ણિમા'નું પાવનપર્વ આવી રહ્યું છે. ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે આવેલ સુપ્રસિધ્ધ રામજી મંદિરના પ્રાંગણમાં દર વર્ષની માફક આ વર્ષે પણ ભવ્ય ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવમાં પાદુકા પૂજન, ગુરૂપૂજન તથા દિક્ષા અને ગુરુ આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુરૂ પૂર્ણિમાની આ પવિત્ર પાવનકારી ગંગોત્રીમાં ભાવિકો જીવન ધન્ય બનાવવા મોટી સંખ્યામાં ભાગ લેશે. આ મહોત્સવમાં સવારે ૫.૩૦ વાગે મંગળા આરતી કરાશે ત્યાર બાદ ૯.૧૫ કલાકે ધ્વજા પૂજન અને ૯.૩૦ કલાકે પાદુકા પુજન કરાશે. ત્યારબાદ ૧૦ વાગે ગુરૂપૂજન તેમજ દિક્ષા યોજાશે અને ૧૧ વાગે ગુરુ આરતી કરાશે. કાર્યક્રમના અંતમાં બપોરે ૧૧.૩૦ વાગે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રામજી મંદિરના સમસ્ત સેવક ગણ દ્વારા ધાર્મિક જનતાને જાહેર આમંત્રણ અપાયું છે.

## લીમ્બડીયા નર્મદા કેનાલમાં ઝંપલાવી અમદાવાદના બે યુવાનોનો આપઘાત

ગાંધીનગર નજીકના લીબડીયા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં સવારના અરસામાં અમદાવાદના અલગ અલગ વિસ્તારના બે યુવાનોની તરતી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અમદાવાદના ઠક્કરબાપાનગર વિસ્તારના ૨૩ વર્ષીય યુવાન અને નિકોલના ૨૬ વર્ષીય યુવાનનો મૃતદેહ બહાર નીકળી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

ઠક્કરબાપાનગર ખાતે રહેતા ૨૩ વર્ષીય રાકેશ ભેરાજી બેકાલીયાનો સવારે ૯ વાગ્યાના અરસામાં ગાંધીનગર નજીક લીબડીયા નર્મદા કેનાલમથી તરતો મૃતદેહ મળી આવતા ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી કાર્યવાહી શરુ કરી હતી ત્યાં જ એક બીજી લાશ ત્યાંથી જ તરતી હાલતમાં મળી આવી હતી. બીજો મૃતદેહ બહાર કાઢીને તપાસ કરતો અમદાવાદના નિકોલ વિસ્તારનો ૨૬ વર્ષીય ગણપત કનુભાઈ ઠાકોર હોવાનું બહાર આવ્યું હતું.

## ઢગ જોવા મળ્યા


● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાસ્તવિકતા સામે આવી હતી. સફાઈ વ્યવસ્થાના અભ્યાસ બાદ તેમણે તાબા હેઠળના સેનેટરી ઈન્સેપકટરો ઉપરાંત અધિકારી-કર્મચારીઓનો ઉધડો લઈ જરુરી સૂચના આપી હતી નવા કમિશનરે સીધો સફાઈનો મુદ્દો હાથ લીધો હોવાનું પણ પ્રથમવાર બન્યું હતું. શહેરમાં ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે ગાર્બેજ કલેકશનની વ્યવસ્થા પણ ટૂકમાં હાથ ધરાશે. કચરાના નિકાલ માટે નવા કન્ટેઈનરો પણ આવી ગયા છે.

## સમતોલ અંદાજપત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટાડવાની જાહેરાત કરી હતી. ફૂટવેર ઉપર એક્સાઈઝ ડ્યુટીને ૧૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરવામાં આવી હતી. પીપીએફની મર્યાદા ૧.૫ લાખ કરવામાં આવી છે. અર્થતંત્રમાં બચતને પ્રોત્સાહન આપવાના હેતુસર અરુણ જેટલીએ તેમનું પ્રથમ બજેટ રજૂ કરતા મૂડીરોકાણની મર્યાદા કલમ ૮૦સી હેઠળ એક લાખથી વધારીને ૧.૫ લાખ કરી દીધી હતી. મૂડીરોકાણની મર્યાદામાં વધારો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને મોટી રાહત થશે. હાલમાં મૂડીરોકાણ અને ખર્ચનો આંકડો ભારે મુશ્કેલી સર્જે તેવો હતો. જેટલીએ બજેટ રજૂ કરતી વેળા કૃષિ ક્ષેત્રને પ્રાથમિકતા આપવાની જાહેરાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, કૃષિ ક્ષેત્રમાં નવા પ્રાણ ફૂંકવાના હેતુસર પગલા લેવામાં આવી રહ્યા છે. જેટલીએ પ્રાઈઝ સ્ટેબિલાઈઝેશન ફંડની રચના કરી હતી જેનાથી ખેડૂતોને ફાયદો થશે. કૃષિ પેદાશ માટે રાષ્ટ્રીય માર્કેટ સ્થાપિત કરવાના પગલા લેવાની, સિંચાઈ સ્કીમોની, નવી કૃષિ યુનિવર્સિટી સ્થાપિત કરવાની, ખેડૂતો માટે માટી કાર્ડ, ગ્રામીણ ઈન્ટરનેટ કનેક્ટિવીટી સહિતના શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત કરી હતી. ખેડૂતોને લોન માટે ૮૦૦૦૦૦ કરોડ રૂપિયા અપાશે. ખેડૂતોને સાત ટકાના વ્યાજ ઉપર લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે. માટી હેલ્થકાર્ડ માટે ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. નેશનલ રૂરલ ઈન્ટરનેટ અને ટેકનોલોજી મિશન માટે ૫૦૦ કરોડની ફાળવણી કરી છે. નાબાર્ડ મારફતે પાંચ લાખ જમીન વગરના ખેડૂતોને નાણા અપાશે. તમિળનાડુ, આંધ્રપ્રદેશ, હરિયાણામાં કૃષિ અને હોર્ટિકલ્ચર યુનિવર્સિટીને પ્રોત્સાહન અપાશે. ૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આસામ અને ઝારખંડમાં એગ્રો ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિમાં ઈન્ફ્રાસ્ટ્રકચરને પ્રોત્સાહન આપવા સરકાર દેશમાં વેરહાઉસિંગની ક્ષમતાને વધારવા ૫૦૦૦ કરોડ ફાળવશે. ખેડૂતોને તમામ પ્રકારની રાહત મળે તે માટે આ વર્ષ સુધી કિસાન ટેલિવિઝન શરૂ કરાશે. રોડ અને હાઈવે વિકસિત કરવાની જરૂરિયાત ઉપર ભાર મુકીને નાણામંત્રી અરૂણ જેટલીએ બજેટ રજૂ કરતી વેળા કહ્યું હતું કે, રોડ નિર્માણ યોજના માટે ૩૭૮૫૦ કરોડની ફાળવણી અમે કરી રહ્યા છે. સરકારે આજે દેશમાં ૧૦૦ સ્માર્ટ સિટી વિકસિત કરવા માટે નાણાંકીય વર્ષમાં ૭૦૬૦ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. વિશ્વમાં બદલાઈ રહેલા પર્યાવરણ વચ્ચે સુરક્ષાના ક્ષેત્રે કોઈ બાંધછોડ નહીં કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. સેનાને આધુનિક બનાવવાની હિલચાલ રૂપે સરકારે બજેટમાં સંરક્ષણ માટે ૨.૨૯ લાખ કરોડની ફાળવણી કરી છે. આવકવેરા વિભાગ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરીકે જ કામ કરશે નહીં બલ્કે એક યોગ્ય સલાહકાર તરીકેની ભૂમિકા ભજવશે. હાઉસિંગ લોનની છુટછાટ ૧.૫ લાખથી વધારીને બે લાખ કરવાની તેમણે જાહેરાત કરી હતી. જુદા જુદા ક્ષેત્રો માટેની ફાળવણી વધારવાની જાહેરાત કરાઈ છે. વન રેન્ક વન પેન્શન સ્કિમ માટે ૧૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. મહિલાઓની સુરક્ષા માટે ૧.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નાના બેંકોના લાયસન્સ માટે ધારધોરણો સરળ કરવામાં આવશે. સેઝને પુનઃસજીવન કરવાની જાહેરાત કરાઈ છે. સાત શહેરોમાં ઔદ્યોગિક સ્માર્ટસિટી બનાવવામાં આવશે. ૭ વધુ ટેક્સટાઈલ ક્લસ્ટર માટે ૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. અમદાવાદ અને લખનૌમાં મેટ્રો સ્કીમ માટે ૧૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરાઈ છે. પીપીપી મોઢ મારફતે મેટ્રો રેલ બનાવવામાં આવશે. ડેન્ટલ સુવિધા સાથે ૧૨ નવી મેડિકલ કોલેજો, ચાર નવી એમ્સની પણ જાહેરાત કરવામાં આવી છે. આઈઆઈએમ અને આઈઆઈટી પણ નવા બનાવવામાં આવશે જેમાં પાંચ નવા આઈઆઈએમ અને પાંચ નવા આઈઆઈટીનો સમાવેશ થાય છે. નાણાપ્રધાન અરૂણ જેટલી આજે સામાન્ય બજેટ લોકોની અપેક્ષાઓ વચ્ચે રજૂ કર્યું હતું. જેટલીએ બજેટમાં સંરક્ષણ, આરોગ્ય, કૃષિ, શિક્ષણ જેવા ક્ષેત્રો માટેની ફાળવણીમાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. વર્તમાન સ્થિતીને ધ્યાનમાં લેતા જેટલી પાસે વધારે વિકલ્પ નહી હોવા છતાં સામાન્ય લોકોને અચ્છે દિન આનેવાલે હે તેનો અનુભવ કરાવવા ચોક્કસ પગલા લેવામાં આવ્યા હતા. મોંઘવારીથી પરેશાન સામાન્ય લોકો, વિકાસની ઘટતી ગતિ, મૂડીરોકાણની સ્થિતિ, ઉંચી નાણાંકીય ખાદ્ય, વિદેશી કટોકટી જેવા પરિબળો વચ્ચે આ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.ઓછા વરસાદની સ્થિતિમાં ખેડૂતોને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે પણ પગલાની જાહેરાત કરવામાં આવી હતી. બજેટમાં ધારણા પ્રમાણે જ પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડની રચના કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

## શબ્દાવલી - ૫૪૪૩



### આડી ચાવી

૧. એક વૃક્ષ જેના પાનનું તોરણ કરાય છે (૫)
૩. ... જેના વૃક્ષમાંથી ઇમારતી લાકડાં બને છે (૨)
૫. અજર... અવિનાશી, મરે નહિ તેવું (૩)
૬. રોકવું તે (૩)
૮. કિનારી, પાળી (૨)
૯. ક્ષમા કરશો, માફ કરશો(૫)
૧૧. શ્રીકૃષ્ણનું એક નામ (૫)
૧૨. એક પછી એક ક્રમશઃ(૫)
૧૪. ગુણવાળું, વખાણ યોગ્ય(૪)
૧૬. રંગબેરંગી, તહેવારનું (૪)

### ઊભી ચાવી

૧. ભરોસો, આશ્રય (૩)
૨. પથ્થર જેવું કઠણ (૩)
૩. ... વેદ (૨)
૪. એક મુળીયા જેનું અથાણું થાય (૪)
૫. અલાયદુ, જુદુ (૩)
૭. ખરખરો, લોકઇ (૫)
૮. હદ, સીમા, અંત (૨)
૯. દરવાજે ઉભેલ પહેરેગીર(૪)
૧૦. જીર્ણશીર્ણ, ભાંગેલ તુટેલ(૩)
૧૩. બદનામી, ભવાડો (૩)
૧૪. બખોલ, બોડ (૨)
૧૫. હિંસક પ્રાણી (૨)

### શબ્દાવલી ૫૪૪૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) સમુહ ભોજન (૫) શક્કરીયા (૬) નાસીપાસ (૯) સદસ્ય (૧૦) વાત (૧૨) કપ (૧૩) માંસ (૧૪) ચાપલૂસી (૧૫) ઝરમર (૧૮) રતવા (૧૯) ખતવણી

**ઊભી ચાવી :-** (૧) સરનામુ (૨) જરા (૩) નક્કર (૪) રીયાસત (૭) પાસ (૮) સદ્‌વિચાર (૧૦) વાપસી (૧૧) કસરત (૧૨) કલૂસિત (૧૩) માંઝર (૧૬) મવા (૧૭) ધાણી

## મુખ્યમંત્રીની પ્રતિક્રિયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરદાર સરોવર બંધના નિર્માણ સ્થલે સરદાર પ્રતિમાના આકાર લઈ રહેલા મહત્વકાંક્ષી સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ માટે બજેટમાં ફાળવાયેલા ૨૦૦ કરોડ રૂપિયા લોહપુરૂષ અને એકતા અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ માટે ફાળવ્યા હતા. મુખ્યમંત્રીએ કેન્દ્રીય બજેટમાં ગુજરાત માટે જે અનેકવિધ નવતર પ્રાવધાન કરવામાં આવ્યા છે તે માટે વડાપ્રધાનનો આભાર વ્યક્ત કર્યો હતો. આ બજેટમાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂા. ૧૦૦ કરોડ ફાળવવા સાથે સુરત અને કચ્છમાં ટેક્ષટાઈલ્સ કલસ્ટર તથા કંડલાનો એસઈઝેડ તરીકે વિકાસ અને ગુજરાતમાં અલ્ટ્રા સૌર ઊર્જા પ્રોજેક્ટની જે જાહેરાતો કરવામાં આવી છે તે ગુજરાતની વિકાસને નવી ગતિ-પ્રગતિ આપસે તેમ આનંદીબેને જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કેન્દ્રનું બજેટ ગુજરાતીઓ અને ગુજરાત માટે ગૌરવ આનંદરૂપ બજેટ છે તેમ જણાવતા કહ્યું કે, ગુજરાતની ગ્રામીણ વિકાસની રૂર્બન યોજના, ગામડાઓને ૨૪ કલાક વીજળની જ્યોતિગ્રામ યોજના, વનબંધુ કલ્યાણ તથા યુવા કૌશલ્ય નિર્માણની સ્કીલ ડેવલપમેન્ટ યોજનાઓ હવે આગામી વર્ષોમાં દેશમાં શરૂ થવાની છે. ગુજરાત મોડેલને દેશભરમાં પ્રતિષ્ઠારૂપ સ્વીકૃતી મળી છે તેનું સંપૂર્ણ શ્રેય ગુજરાતના તાત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનના દ્રષ્ટિવંત નેતૃત્વને જાય છે. પ્રાઈસ સ્ટેબીલાઈઝેશન ફંડ રચવાની તથા વહીવટી પારદર્શિતા અને ગતિશીલતા માટે ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં સરકારના તમામ વિભાગોને ઈ-પ્લેટફોર્મથી જોડવાની મહત્વપૂર્ણ બાબતનો પણ આ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## આખરે ધરપકડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગોતરા જામીન અરજી કરી હતી. આગોતરા નામંજુર થતા ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે નંદલાલની ધરપકડ કરી આજે કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેની વધુ પુછપરછ માટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. નોંધનીય છે કે આ કૌભાંડ બહાર પડતા જે ઉમેદવારોએ પરીક્ષા આપી હતી તેનું પરિણામ હજુ સુધી પેન્ડીંગ છે તમામ આશરે સાડા આઠ લાખ જવાબવાહી એફ.એસ.એલ. ખાતે ચકાસણી અર્થે મોકલવામાં આવી છે.

## ગુજરાતનું વિકાસ મોડેલસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧.૭૭ ગણું થયું છે. આ જ રીતે આ સમયગાળામાં વ્યાજની ચુકવણી જે મહેસુલી આવકના ૨૬.૮૨ ટકા હતી તે ઘટીને ૧૪.૧ ટકા થઈ છે. ગુજરાતે રજુ કરેલા આ જેન્ટર બજેટ / મહિલાલક્ષી બજેટની વિગતો આપતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે, આ બજેટમાં ૮૭ યોજનાઓ ૧૦૦ ટકા માત્ર મહિલાઓ માટે છે. તેના ૬૨૮ કરોડના બજેટમાં ૨૮ ટકાનો વધારો કરી ૮૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય ૪૦૮ યોજનાઓ માટે. અગાઉનાન ૩૪૬૪ કરોડમાંથી ૪૩૩૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પોલીસ ફોર્સમાં પણ ૩૩ ટકા જગ્યાઓ મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમજ આંગણવાડીની બહેનોના વેતનમાં પણ વધારો કરવામાં આવ્યો. રાજ્યનો કૃષિ વિકાસ દર છેલ્લા દાયકામાં ૧૦ ટકાથી વધુ રહ્યો છે એમ જણાવી નાણામંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૦-૦૧માં શાકભાજીનું ઉત્પાદન ૩૦.૬૬ લાખ મે.ટન હતુ જે વર્ષ ૨૦૧૦-૧૧માં ૮૬ લાખ મે.ટન થયું છે. આ અંદાજપત્રમાં વેરા રાહતો વિશે જણાવતા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે વિરોધપક્ષના સભ્યો જ ભૂતકાળમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઘટાડવાની વાત કરતા હતા ત્યારે આ અંદાજપત્રમાં તેનો ઘટાડો થવા છતાં તેઓ રાજ્ય સરકારને આ અંગે અભિનંદન પણ નહીં પાઠવીને પોતાની સંકુચિતતા પ્રદર્શિત કરી છે.


## જાહેરાત

રાજ્ય સરકાર દ્વારા માનવ વિકાસ સૂચકાંકને ઉંચો લાવવાના હેતુસર અમલમાં મુકાયેલ ફલેગશીપ અને મીશનમોડ પ્રકારની યોજનાઓના સરળ અમલીકરણ માટે ગાંધીનગર જિલ્લામાં કલેક્ટર કચેરી ખાતે નીચેની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરારથી ભરવાની હોઈ, જે તે જગ્યા માટે તેની સામે દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઉંમર, શૈક્ષણિક લાયકાત, અનુભવ વિગેરેને લગતા પ્રમાણિત પ્રમાણપત્રો સાથેની અરજી તા. ૧૫/૭/૨૦૧૪ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં dpo-gnr@gujarat.gov.in પર ઈ-મેઈલ દ્વારા જિલ્લા આયોજન કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

**૧. સિનીયર પ્રોજેક્ટ એસોસીયેટ્સ કમ કન્સલ્ટન્ટ - ૧ જગ્યા, માસિક ફિક્સ પગાર રૂ. ૩૦,૦૦૦/-**

**લાયકાત :** The candidate should be at least Post Graduate in Economics, Mathematics, Sociology or Statistics or should have Master Degree in Management having experience of at least one to two years in the related field. The candidate who have degree of M.Phil., Ph.d, who have presented research papers in Seminars/Conferences or having teaching Experience would be given preference. Well Developed IT skills will be an essential requirement. The candidate having experience of similar type in state Government will be given Preference.

**૨. સિનીયર પ્રોજેક્ટ એસોસીયેટ્સ - ૧ જગ્યા, માસિક ફિક્સ પગાર રૂ. ૨૦,૦૦૦/-**

**લાયકાત :** The candidate should be at least Post Graduate in Economics, Mathematics, Sociology or Statistics or should have Master Degree in Management. The candidate who have research or work experience in relevant field would be given preference. Well developed IT skills will be an essential requirement.

ઉપરોક્ત નિમણુંક કરવાની તમામ સત્તા કલેકટરશ્રીને અબાધિત રહેશે.

તા.૮-૭-૧૪ સહી/-
કલેક્ટર, ગાંધીનગર

## જાહેરાત

શ્રેયાન વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર ખાતે એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ તા. ૧/૮/૨૦૧૪થી શરૂ થતા શત્ર માટે બુક બાઈન્ડીંગ એપ્રેન્ટીસ અને મશીન માઈન્ડર એપ્રેન્ટીસની ભરતી કરવા તા. ૩૦/૭/૨૦૧૪ સુધી અરજી મંગાવવામાં આવે છે. ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

| ક્રમ | ટ્રેડ | લાયકાત | સ્ટાઈપેન્ડની રકમ અને વર્ષ |
|---|---|---|---|
| ૧ | બુક બાઈન્ડીંગ એપ્રેન્ટીસ | ધોરણ-૯ પાસ ઉંમર-૧૪થી ૨૮ વર્ષ | પ્રથમ વર્ષે - રૂ.૨૧૦૦/- બીજા વર્ષે - રૂ. ૨૪૦૦/- |
| ૨. | મશીન માઈન્ડર એપ્રેન્ટીસ | ન્યુ એસ.એસ.સી. પાસ ઉંમર - ૧૪થી ૨૮ વર્ષ | પ્રથમ વર્ષે - રૂ. ૨૧૦૦/- બીજા વર્ષે - રૂ. ૨૪૦૦/- ત્રીજા વર્ષે - રૂ. ૨૮૦૦/- |

ઉમેદવારે સ્વખર્ચે ઈન્ટરવ્યુ આપવા આવવાનું રહેશે તેમજ સદર તાલીમ ફક્ત એપ્રેન્ટીસ ધારાની જોગવાઈ હેઠળની હોઈ તાલીમના અંતે છૂટા કરવામાં આવશે.

સહી/-
શ્રેયાન વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,
ગાંધીનગર

માહિતી/૬૭૨/૧૪-૧૫

ન.પાનસેસ/ઘરવેરા/૭૩૭/૨૦૧૪-૨૦૧૫ — નગર સેવા સદન પાલનપુર. તા. ૧૦/૭/૨૦૧૪

**'પાલનપુર નગરપાલિકા પાલનપુર'**
**વેરા વસુલાતનો ઈજારો આપવા બાબતે**
**જાહેર નિવિદા**

પાલનપુર નગરપાલિકામાં કરવેરાની પાછલી બાકીની વસુલાત કરવા માટેનો ઈજારો આપવાનો હોવાથી રસ ધરાવતી એજન્સીઓએ નગરપાલિકાની કચેરીમાં ઘરવેરા શાખામાંથી કામકાજના સમય દરમિયાન રૂ. ૫૦૦/- રોકડા ટેન્ડર ફી ભરીને તા. ૧૭/૭/૨૦૧૪ સુધીમાં ટેન્ડર કોપી મેળવી લેવાની રહેશે. તેમજ ભરેલ ટેન્ડર તા. ૨૫/૭/૨૦૧૪ સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટથી / સ્પીડ પોસ્ટથી પાલનપુર નગરપાલિકામાં સમય ૫-૩૦ વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. લેઈટ આવેલ ટેન્ડર ખોલવામાં આવશે નહીં. તથા સ્વીકારવામાં આવશે નહીં. જેની નોંધ લેવી. આવેલ ટેન્ડર શક્ય હશે તો સંબંધિત એજન્સીઓની તથા કારોબારી અધ્યક્ષશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે. આવેલ ટેન્ડર પૈકી કોઈપણ ટેન્ડર કોઈપણ જાતના કારણ આપ્યા સિવાય મંજુર / ના મંજુર કરવા કે રદ કરવાના હક્ક પાલનપુર નગરપાલિકાને અબાધિત રહેશે.

| સહી/- | સહી/- | સહી/- |
|---|---|---|
| (એસ.કે. ગરવાલ) | (વિજય એસ. જોષી) | (હસમુખ એમ. પઢિયાર) |
| ચીફ ઓફીસર | ચેરમેન, કારોબારી સમિતિ | પ્રમુખ |

પાલનપુર નગરપાલિકા
ક્રમાંક : નામાનિ/પાલન/૧૬૩/૨૦૧૪-૨૦૧૫

## જીપની જાહેર હરાજી

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર હસ્તકની ડીઝલ ટેમ્પોટેક્ષ જીપ - જી.જે.૧-જી ૩૪૪૨ જે સ્થિતિમાં છે તે હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ હરાજીના સ્થળે અનામતની રકમ રૂ. ૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા ભરવાના રહેશે. સરકારશ્રીના નિયમ મુજબ ભરવા પડતા સેલટેક્ષ તેમજ અન્ય વેરાની રકમ ખરીદનારે અલગથી ભરવાની રહેશે. જાહેર હરાજીની વિગતવાર શરતો સ્થળ ઉપર રૂબરૂમાં વાંચી સંભળાવવામાં આવશે. ઉક્ત વાહન જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન તા. ૨૪/૭/૨૦૧૪ સુધી એમ. એસ. બિલ્ડીંગના કંમ્પાઉન્ડમાં જોઈ શકાશે.

**હરાજીનું સ્થળ :** નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી 'સહયોગ સંકુલ' પાંચમો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૭૬૦

**હરાજીની તારીખ :** ૨૫/૭/૨૦૧૪, સમય - બપોરે : ૧૪-૩૦ કલાકે

સહી/-
નાયબ બાગાયત નિયામક
ગાંધીનગર

માહિતી/૬૩૬/૧૪-૧૫